R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 02 DATE: 13-01-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## આધારની માહિતી સલામત નથી તેને ઉજાગર કરનાર પત્રકારને ઇનામ આપવા વિકિલિક્સના જનકનો સવાલ

તાજેતરમાં ધ ટ્રિબ્યુન અખબારના અહેવાલમાં દાવો કરાયો હતો કે વોટ્સઅપ પર કાર્યરત એક એજન્ટ ફક્ત રુપીયા ૫૦૦માં કોઇપણ આધાર નંબરની માહીતી લાવી આપવાનો દાવો કરતો હતો. અખબારના અહેવાલ બાદ વિશ્વની સૌથી મોટી બાયોમેટ્રીક ઓળખપત્ર યોજના ચલાવી રહેલી યુઆઇડીએઆઇના અધિકારીઓ શરમજનક સ્થિતિમાં મુકાઇ ગયા હતા. જો કે તેઓએ સ્વીકારવા તૈયાર નથી કે આ પ્રકારે કોઇ આધારકાર્ડ ધારકની માહિતી આપી શકાય.યુઆઇડીએઆઇએ અખબારી અહેવાલને ખોટો ગણાવ્યો હતો. પોતાની ભુલ સ્વીકારવાને બદલે યુઆઇડીએઆઇએ અખબાર અને તેના પત્રકાર સામે એફઆઇઆર નોધાવી હતી.યુઆઇડીએઆઇએ જણાવ્યુ હતું કે આ પગલાંને મીડીયા વિરોધી ગણવું જોઇએ નહીં.

ભારતીય નાગરિકોની પ્રાઇવસીનો નાશ કરવા માટે ભારત સરકારને આડે હાથ લેતાં વિકિલિક્સના જનક અને અમેરિકન વ્હીસલ બ્લોઅર એડવર્ડ સ્નોડેને આધાર ડેટાલીકની પોલ ખોલતાં પત્રકારોને સમર્થન જાહેર કર્યુ હતું.દેશમાં આધાર કાર્ડને સંલગ્ન માહિતી લીક થવાના સંખ્યાબંધ બનાવો નોધાયા છે.આ લીકને જનતા સમક્ષ લાવનારા પત્રકારોને જ દંડવાની ભારત સરકારની નીતિની આકરી ઝાટકણી કાઢતાં સ્નોડને જણાવ્યુ હતું કે પત્રકારો સામે ખટલા ચલાવવાને બદલે ભારત સરકારે યુઆઇડીએઆઇને કથિત લીકમાં તેને જવાબદાર ગણીને સજા ફટકારવી જોઇએ.

એક ટ્વિટમાં સ્નેડને જણાવ્યુ હતું કે આધાર લીકની પોલ ખોલતાં પત્રકારો સામે તપાસ કરવાને બદલે તેમને પુરસ્કૃત કરવા જોઇએ. જો સરકારે અબજો ભારતીયોની પ્રાઇવસીનો નાશ કરતી નીતીઓમાં સુધારા કરવા જોઇએ. ભારત સરકાર જો કોઇની ધરપકડ કરવા માંગતી હોય તો તેણે યુઆઇડીએઆઇના અધીકારીઓની ધરપકડ કરવી જોઇએ.

## આધાર ડેટા સુરક્ષિત નથી : રિઝર્વ બેન્કની થિન્ક ટેન્કનો અભિપ્રાય

ફક્ત રુપીયા ૫૦૦માં કોઇ પણ વ્યક્તિની આધાર કાર્ડની માહિતી મેળવી શકાય છે તેવા અખબારી અહેવાલો બાદ અંગત માહિતીની સુરક્ષાની ચિંતાઓમાં વધારો થયો છે.આ અખબારી અહેવાલ અને દાવાની હજી ખરાઇ થઇ નથી. પરંતુ તેમ છતાં ચિંતા અસ્થાને નથી.રિઝર્વ બેન્ક સાથે સંકળાયેલ એક થિન્ક ટેન્કના અહેવાલમાં પણ આવીજ ચિંતા વ્યક્ત કરાઇ છે.ઈન્સ્ટિટ્યુટ ફોર ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ ઈન બેન્કીંગ ટેકનોલોજીના સ્ટાફ પેપરમાં સુરક્ષાના મુદા ઉઠાવાયા છે.આ અભ્યાસમાં યુઆઈડીએઆઈ અને બેન્કો દ્વારા ભારતમાં અપનાવાયેલ બાયોમેટ્રીક ઉપરાંત આધારના લાભ અને ગેરલાભ જાણવાનો પ્રયાસ કરાયો છે. અભ્યાસ કહે છે કે આધાર સામે ટુંકાગાળા,લાંબાગાળાના સંખ્યાબંધ પડકાર છે.સૌથી મોટો પડકાર તગડો નફો રળવા માંગતા બિઝનેસ વર્લ્ડથી આધારની માહિતી સુરક્ષિત રાખવાનો છે.કારણ કે બિઝનેસ ગૃહો સ્પર્ધાત્મક વાતાવરણમાં તેમના શેરહોલ્ડરોને સંતોષ આપવા માંગે છે.

## સિનેમા ઘરોમાં રાષ્ટ્રગાન વગાડવું હવે ફરજીયાત નથી. સુપ્રીમ કોર્ટ

સિનેમા ઘરોમાં હવે ફિલ્મ શરુ થતાં પહેલાં રાષ્ટ્રગીત વગાડવું ફરજીયાત બનશે નહીં.આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે તેના અગાઉના ચુકાદાનેજ બદલી નાંખ્યો છે.સુપ્રીમે જ્યારે સિનેમા ઘરોમાં રાષ્ટ્રગાન વગાડવાનું ફરજીયાત બનાવ્યુ ત્યારે તેનો ભારે વિરોધ થયો હતો.સોશિયલ મીડીયામાં આ મુદે શાબ્દિક યુધ્ધ છેડાયું હતું.જે લોકો ફરજીયાત રાષ્ટ્રગાન વગાડવાનો વિરોધ કરે છે તેમને દેશદ્રોહી ગણાવવામાં આવતા હતા.વિરોધપક્ષોએ એવી દલીલ કરી હતી કે લોકો મનોરંજન મેળવવા માટે સિનેમાઘરોમાં જાય છે તેમની પર જાણી જોઇને દેશભક્તિ ઠોકી બેસાડાય નહીં.આ પછી સરકાર દ્વારા કોર્ટમાં એફિડેવીટ રજુ કરાતાં સુપ્રીમ કોર્ટે તેનો ફેસલો બદલ્યો હતો.

સુપ્રીમ કોર્ટે અગાઉ પણ એવું કબુલ્યુ હતું કે રાષ્ટ્રગાન વખતે ઉભા થવું તે



દેશભક્તિનો માપદંડ નથી.કેટલાક બળવાખોર નેતાઓએ સુપ્રીમનો આ આદેશ માનવા પણ ઈન્કાર કર્યો હતો.આથી તેમણે નામોશી વેઠવી પડી હતી.

કેન્દ્ર સરકારે એક એફીડેવીટ કરીને તેના આદેશમાં ફેરફાર કરવા કોર્ટને અપીલ કરી હતી. ચાર પાનાની આ એફિડેવીટમાં એવો તર્ક કરાયો હતો કે તે આંતર કેબિનેટ સમિતિ રચી રહી છે જેના આધારે સરકાર નવું નોટિફિકેશન બહાર પાડશે ત્યાં સુધી કોર્ટ તેના અગાઉના આદેશ પર રોક લગાવે.

## એચ ૧બી વિઝા અંગેનો વિવાદ હાલ પુરતો શમી જતાં ૭.૫લાખ ભારતીયોની હકાલપટ્ટી પર રોક લાગી ગઇ છે

એચ ૧ બી વિઝાના મુદે ટ્રમ્પ સરકારના કડક વલણમાં ફેરફાર આવતાં આઈટી સેકટરમાં કામ કરતાં સાતલાખથી વધુ ભારતીયોને અમેરીકામાંથી ઉચાળા ભરવાની નોબત હાલ પુરતી તો ટળી ગઈ છે.

અમેરિકાની ટ્રમ્પ સરકારે જાહેરાત કરી છે કે એચ ૧બી વિઝા એકસ્ટેન્સન નીતિમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.અને તેને હાલ પુરતુ યથાવત રાખવામાં આવશે.વાસ્તવમાં ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા તે પછી તેમણે બાય અમેરિકન- હાયર અમેરિકન ની નીતિ જાહેર કરી હતી.જેને હેતુ વધુને વધુ અમેરિકનોને નોકરી આપવાનો હતો.આ અંગેનો ટાર્ગેટ હાંસલ કરવા માટે એચ૧ બી વિઝા એકસટેન્શન નીતિમાં ફેરફાર કરવાનું નક્કી કરાયું હતું. જો કે તેમાં હવે ફેરફાર નહીં કરવા અમેરિકાના કેટલાક સાંસદો તેમજ ઊદ્યોગોએ સરકાર પર દબાણ કર્યુ હતું.

જો આ નીતિમાં ફેરફાર કરાયા હોત તો તેને મોટી અસરો ભારતીયો પર પડી હોત.જો કે યુએસસીઆઈએસના અધિકારી જોનાથાન વિધિગ્ટનના કહેવા મુજબ બીજા ફેરફાર આવી શકે છે.જેમાં એમ્પલોયમેન્ટ આધારિત વિઝા પ્રોગ્રામનો સમાવેશ થાય છે.



અમેરિકાના એક અધિકારીએ કહ્યુ હતું કે એચ૧બી વિઝા ધારકોના કેસમાં કોઇ નિયમનકારી ફેરફારો કરવામાં આવશે નહીં. આથી આ વિઝા ધરાવતા લોકોએ અમેરિકા છોડવાની જરુર પડશે નહીં. અમેરિકામાં આને લગતા કાયદા અમેરિકન કમ્પિટિટિવનેસ ઈન ધ ૨૧ સેન્ચુરી એકટ ની એક કલ્મ ૧૦૪ સીની વ્યાખ્યામાં ફેરફાર કરવાનો હતો.આ નિયમ યુએસસીઆઈએસને વિઝા એકસટેન્ડ કરવાની અને છ વર્ષ પુરા થયા પછી તેમાં વધારો કરવાની સત્તા આપે છે. આ કાયદાની કલક ૧૦૬-એ હેઠળ માલીકો એચ ૧બી વિઝા ધારકની વિઝા વધુ એક વર્ષ લંબાવવાની અરજી કરી શકે છે.આથી ભારતીય આઈટી નિષ્ણાતોને તે કલમ હેઠળ પણ રાહત મળી શકે છે.

## જિજ્ઞેસ મેવાણીએ વડાપ્રધાન મોદીને લોકશાહી,બંધારણ માતે ખતરા સમાન ચિતર્યા

નરેન્દ્ર મોદીની સરકાર દેશની લોકશાહી અને બંધારણ સામે એક ખતરો ઉભો કર્યો છે તેમ દલિત નેતા અને ગુજરાતના ધારાસભ્ય જિજ્ઞેસ મેવાણીએ દિલ્હીમાં એક યુવા રેલીમાં કહ્યુ હતું.પોલીસની મંજુરી વગર રેલી યોજવામાં આવી હતી.વડગામના ધારાસભ્યે પાર્લામેન્ટ સ્ટ્રીટ પર યુવા હુંકાર રેલી યોજવા માટે મંજુરી નહી આપવાના પગલાંને ગુજરાત મોડેલ ના રાજકારણનો દાખલો ગણાવ્યો હતો.તેમણે કહ્યુ હતું કે દેશના ૧૨૫ કરોડ લોકો જોઈ રહ્યા છે કે માત્ર ચંદ્રશેખર આઝાદને મુક્ત કરવાની,બંધારણને અમલમાં મુકવા અને યુવકોને બે કરોડ નોકરીઓ આપવાની માંગણી કરવા માટે કોઈને બોલવાની મંજુરી અપાઈ નથી. દિલ્હી,લખનૌ અને અલ્હાબાદ સહિત અને વિસ્તારોમાં થી આવેલા વિદ્યાર્થી કાર્યકરોને આવરી લેતી એક ભીડને સંબોધતાં મેવાણીએ કહ્યુ હતું કે એક ચુંટાયેલા પ્રતિનિધિને આવુ કરવાનો અધિકાર ન હોય તો તે ગુજરાત મોડેલ છે.આ રેલીમાં દલિત સંગઠનના ભીમ આર્મીના સ્થાપક ચંદ્રશેખર આઝાદને મુક્ત કરવાની માંગણી કરાઈ હતી.તેમણે કહ્યુ કે તેઓ નફરતના રાજકારણ સામે રક્ષકની જેમ ઉભા રહેશે અને બંધારણીય મુલ્યો તેમજ પ્રેમના રાજકારણ માટે રાહુલ ગાંધીની પડખે રહેશે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

'ઉલટો ચોર કોટવાલને દંડે' માત્ર રુ.૫૦૦માં દેશના નાગરિકોની ગુપ્ત માહીતી મળી શકે તેવા ગુનાહિતતેને સાઈબર ક્રાઈમની વ્યાખ્યામાં લેવાની પણ સમજ સરકારમાં બેઠેલા કાયદાનિષ્ણાતોના ભેજામાં આવે નહીં અને સત્ય ઉજાગર કરનારા પત્રકારને ફાંસીએ લટકાવી દેવાના ખેલ પાડે તેને શું કહેવું જોઈએ ? વિકાસ આને કહેવાય કે પછી અચ્છે દિન નક્કી કરવું મુશ્કેલ કાર્ય બની ગયું.

ધ ટ્રિબ્યુન નામના સમાચાર પત્રના પત્રકાર રચના ખેરાએ એક કૌભાંડનો પર્દાફાશ કર્યો. આ અહેવાલ પુરાવા સાથે પ્રગટ કરવામાં આવ્યો. જેમાં દર્શાવાયું કે માત્ર રુ.૫૦૦માં દેશના ૧૦૦ કરોડથી વધુ નાગરિકોના અંગત ડેટા, નામ,સરનામાં,તસવીરો,ઈ મેઈલ આઈડી,જન્મ તારીખ,મોબાઈલનંબર સહિતની આધારકાર્ડની માહીતી ઉપલબ્ધ છે.સાઈબર વર્લ્ડના કેટલાક દલાલો પાસેથી દેશના સો કરોડ નાગરિકોની માહીતી ખરીદી શકાય છે.શું આ કોઈ કાયદાનો ભંગ નથી ?

કોઈપણ વ્યક્તિની અંગત વિગતો મેળવીને સાયબર ક્રિમિનલ ધારે તો તમારા ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ,ઈમેઈલ, લાઈસન્સ,પાસપોર્ટ વગેરેનો દુરપયોગ કરી શકે છે.તમામ દસ્તાવેજો ટુપ્લીકેટ બનાવી શકે છે.ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ હેક કરીને બેંકના ખાતામાંથી જંગી ઉચાપત કરી શકે છે.આ હકીકતનો પર્દાફાશ કરનારી પત્રકારને શિરપાવ આપવાને બદલે આધાર કાર્ડ ઓથોરીટીએ દિલ્હી પોલીસ સમક્ષ એફઆઈઆર કરી છે.આ મહિલા પત્રકારઅને અખબારના સંચાલકોને આરોપી તરીકે ઘોષિત કર્યો છે.આને કારણે સમગ્ર દેશના પત્રકાર જગતમાં હોબાળો મચ્યો છે.એડિટર્સ ગિલ્ડે કહ્યુ છે કે પત્રકાર એ સમાજનો જાગૃત પ્રહરી છે.સમાજમાં ચાલતાં અનિષ્ટ તત્વો સામે આંગળી ચીંધવાનું કામ પત્રકારનું છે.જો પત્રકાર પોતાનો ધર્મ નિભાવતો હોય તો લોકશાહીમાં ચોથી જાગીર તરીકે ઓળખાતી અખબારી આલમને સરકારી તંત્રે મદદરુપ બનવું જોઈએ કે આ પ્રકારના ઈન્વેસ્ટીગેટીવ પત્રકારને અદાલતમાં ઢસડી જઈ આરોપીના કઠેડામાં ઉભો કરવો જોઈએ ?

વિકિલીક્સના મહાનુભાવ એડવર્ડ સ્નેડને ભારત સરકારને આ બાબતે સલાહ આપતાં કહ્યુ કે ખરેખર તો ભારત સરકારે આધાર કાર્ડ ઓથોરીટીને જેલમાં ધકેલી દેવી જોઈએ.પત્રકારને રંજાડવાની રીત અપનાવવી ખોટી છે.જો કેઆ બાબત ના પ્રત્યાઘાત વિશ્વભરમાં પડ્યા છે તેથી ભારત સરકારે આખરે પત્રકારોના વાણી સ્વાતંત્રના અધિકાર પર સરકાર તરાપ મારવા માંગતી નથી તેવું કહ્યુ છે.કાયદા મંત્રી રવિશંકરે મોદી સરકાર પત્રકારોના વાણી અને અખબારી સ્વાતંત્રતા પર કટિબધ્ધ છે તેવું કહ્યુ છે.અને આધાર કાર્ડ ઓથોરીટીને કહ્યુ છે કે ફરિયાદ પત્રકાર વિરુધ્ધ નહીં પરંતુ કૌભાડીઓ વિરુધ્ધની હોવી જોઈએ.પરંતુ બુંદસે ગઈ અબ હોજસે નહીં સુધરેગી તે સરકારમાં બેઠેલા લોકો સમજતાં નથી. આ કામ પોલીસ ફરિયાદ નોધાઈ તે વખતે થવું જોઈતું હતું.હવે વિશ્વ ભરમાં સરકારના ઈરાદાઓ બાબતે આબરુ ગઈ છે તે ઝડપથી પાછી ફરે તેવુ લાગતું નથી.

ભુતકાળમાં ઈન્વેસીટેગીટવ જર્નાલીઝમને કારણે અનેક કૌભાંડોનો પર્દાફાશ થયો છે.બોફોર્સ જેવા કૌભાંડના પર્દાફાશને કારણે કોગ્રેસે સત્તા ગુમાવી હતી.મહારાષ્ટ્રમાં સિમેન્ટ કૌબાંડમાં અંતુલેનો પર્દાફાસ કર્યો હતો.તહેલકાએ સંરક્ષણ સોદાઓમાં થતી ગેરરીતીઓ બહાર પાડી હતી.જેનાથી તેમને નુકશાન ભોગવ્યું છે. ટુંકમાં તંદુરસ્ત લોકશાહી માટે ઈન્વેસ્ટીગેટિવ જર્નાલીઝમ અખબારી સ્વાયત્તતા માટે અનિવાર્ય અંગ મનાય છે.તેથી તેના પર કાયદાની કલમ દ્વારા સખ્ત્રાઈ ઉભી કરવી બરાબર નથી.ચોથી જાગીરની સુરક્ષા એ લોકશાહીના પાયાની શરત છે. જો આ સરકાર વહેલી તકે સમજી શકે તેટલું તેમના હિતમાં છે.સમગ્ર પત્રકાર જગત વેચાતું મળતું નથી.કેટલાક હિતોને ખરીદી શકાય તેમ છે.પરંતુ પત્રકાર જગતમાં ભય ઊભો કરીને લોકશાહીની હત્યા કરવાનો પ્રયત્ન ચોથી જાગીર સાંખી લેશે તેવું માની શકાય નહીં.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# મોહનદાસ કરમચંદ ગાંધી યાની કે મહાત્મા ગાંધીની હત્યા કોણે કરી હતી : ગોડસે કે અન્ય કોઇ વ્યક્તિએ?

મહાત્મા ગાંધીની હત્યા અંગે નવેસરથી તાપસ થાય કે નહીં એ માટે એમિક્સ ક્યુરીએ રિપોર્ટ સુપ્રીમ કોર્ટને સોપ્યો છે.આ રિપોર્ટ અનુસાર મહાત્મા ગાંધીની હત્યા કોઈ રહસ્યમય વ્યક્તિએ નહીં પરંતુ નથુરામ ગોડસેજ કરી હતી. સુપ્રીમ કોર્ટે એમિક્સ કયુરી તરીકે પુર્વ એડિશનલ સોલીસિટર જનરલ અમરેન્દ્ર શરનને નિયુક્ત કર્યો હતા. અભિનવ ભારતના પંકજ ફડનવીસની અરજી પર સુપ્રીમે આ રિપોર્ટ સોપવા કહ્યુ હતું કે જ અરજીમાં ફડનવીશે દાવો કર્યો હતો કે મહાત્મા ગાંધીની હત્યા કોઈ રહસ્યમય વ્યક્તિએ કરી હતી. તેણે ચોથી ગોળી મારી હતી. આ વ્યક્તિ કયારેય પકડાઈ નથી.એમિકસ ક્યુરીએ અંગેના રિપોર્ટમાં જણાવ્યુ છે કે એવા કોઈ પુરાવા એ સિધ્ધ કરવા ાટે પુરતા પ્રમાણમાં મળ્યા નથી કે જે નતુરામ્ ગોડસે સિવાય અન્ય કોઈ વ્યક્તિએ ગોળી મારી હતી. અને ગાંધીજીનું મોત થયું હતું.

જસ્ટીસ એ.એસ ખોબડે, જસ્ટીસ એલ.નાગેશ્વર રાવની સુપ્રીમ કોર્ટની બેન્ચે ૭ ઓક્ટો.૨૦૧૭ના રોજ શરનને એમિક્સ ક્યુરી તરીકે નિયુક્ત કર્યા હતા.અને તેમને નિર્દેશ આપ્યો હતો કે તેઓ મહાત્મા ગાંધીની હત્યા અંગેના દસ્તાવેજોની તપાસ કરે.વરિષ્ટ વકિલ અમરેન્દ શરને મહાત્મા ગાંધીના એ વસ્ત્રોની પણ ચકાસણી કરી હતી જે તેમણે છેલ્લી વખત પહેર્યા હતા.૩૦ જાન્યુ.૧૯૪૮ના રોજ હત્યાના દિવસે પહેરેલા મહાત્મા ગાંધીના વસ્ત્રોની તપાસ પછી શરને કહ્યુ હતું કે ગાંધીજીના લોહીથી ખરડાયેલા વસ્ત્રોને એ વિચલિત કરે તેવો અનુભવ હતો.જેમણે આ પ્રકારનો દાવો કોર્ટમાં કર્યો તેમની આ બાબત પાછળનો ઉદ્દ્શ્ય શું હતો તેમાં જવું જરુરી છે. તેઓ શું ગોડસેને નિર્દોષ સાબિત કરવા માટે આવા ઉપાસણ કરે છે.કે પછી કોઈકના ખરાબ આશયોને પુરા કરવા આ કરાય રહ્યુ છે તેની પણ તપાસ થવી જોઈએ.

# આધાર ડેટા કૌભાંડ જાહેર કરનાર પત્રકારે કહ્યુ આ તો શરુઆત છે હજુ ઘણું બહાર આવશે

યુઆઈડીએઆઈએ જેની સામે એફઆઈઆર નોધાવી છે તે પત્રકારે કહ્યુ છે કે તેણે પોતાના અહેવાલમાં એક એવા કૌબાંડની વાત કરી છે. મારી તપાસના આધારે હજુ તો આવી અનેક બાબતો ઉજાગર થવાની છે.રચના ખૈરાએ કહ્યુ હતું કે હું તમને કહેવા માંગુ છું કે આપણે માત્ર એક નાનકડો અહેવાલ જ આપ્યો છે.અમે અમારી મોટાભાગની તપાસ પુરી કરી લીધી છે. આ સારુ રહેશે કે યુઆઈડીઆઈ આ પ્રકારની તપાસમાં કાયદેસરતા અનેસંવેદનશીલતા સમજ. અમે અત્યાર સુધીમાં જે કાંઈ ઉજાગર કર્યુ છે તેના કરતાં વધું મેળવ્યું ચે. આગામી થોડાક દિવસોમાં હજુ વધુ ધડાકા થશે. તેણે ખુશી વ્યક્ત કરી હતી કે યુઆઈઈએઆઈએ તેના રિપોર્ટના આધારે થોડાક પગલાં લીધા છે.તેણે કહ્યુ કે આ એફઆઈઆર સાથે સરકાર જોશે કે સલામતી અને ગુપ્તતાના મામલે કેટલાંક ઉલ્લંઘનો થયા છે અને તે મુજબ યોગ્ય પગલાં લેશે.

# ઘાસ ચારા કૌભાંડમાં લાલુ યાદવને સાડા ત્રણ વર્ષની જેલ

રાષ્ટ્રીય જનતા દળ(આરજેડી)ના વડા લાલુ પ્રસાદ યાદવને ૨૧ વર્ષ બાદ ઘાસચારા કૌભાંડને લગતા કેસમાં સીબીઆઈની એક કોર્ટે સાડા ત્રણ વર્ષની સજા ફટકારી હતી.લાલુ સામે દેવઘર ટ્રેઝરીમાંથી રુ.૮૯.૨૭ લાખ ખોટી રીતે ઉપાડવાનો આરોપ હતો.અને તેઓ તેમાં દોષિત થયા હતા.કોર્ટે તેમને રુ.૧૦ લાખનો દંડ ફટકાર્યો હતો.જો કે લાલુ પ્રસાદ આ ચુકાદાને હાઈકોર્ટમાં પડકારશે.

લાલુને અન્ય આરોપીઓ સાથે દોષિત ઠેરવાયા હતા. સીબીઆઈ કોર્ટના જજ શિવપાલસિંહે આઈપીસી અને પીસીએ હેઠળના ગુનાઓ બદલ લાલુ પર પાંચ પાંચ લાખની સજા ફટકારી હતી.જો તેઓ દંડની રકમ ના ભરે તો વધુ છ મહિનાની જેલની સજા ભોગવવી પડશે.

કોર્ટે ગુનાઈત કાવતરાં,આઈપીસી અને પીસીએની વિવિધ કલમો હેઠળ લાલુને દોષિત ઠેરવ્યા હતા.લાલુ સામે આરોપ હતો કે તેઓ બિહારના મુખ્યમંત્રી હતા ત્યારે ૧૯૯૦માં અને ૧૯૯૪માં દેવઘર ટ્રેઝરીમાંથી ખોટી રીતે ૮૯.૨૭ રુપીયા ઉપાડ્યા હતા.આરજેડીના ૬૯ વર્ષના સુપ્રીમોએ એક લેખીત પત્રમાં પોતાની વય અને માંદગીનું કારણ બતાવી રાહતની માંગણી કરી હતી. તેમ તેમના વકીલે જણાવ્યુ હતુ.આ અગાઉ તેઓ ઘાસચારા કેસમાં પાંચ વર્ષની સજા ભોગવી આવ્યા છે.પરંતુ ત્યારબાદ સુપ્રીમે તેમના જામીન મંજુર કર્યા હતા.હવે લાલુ ખુલ્લી જેલમાં બગીચામાં ફુલો ઉગાડવાનું કામ કરશે અને તે પેટે તેમને મહેનતાણુ મળશે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



# અમેરિકન પ્રમુખ ટ્રમ્પે પાકિસ્તાનને અપાતી સહાય બંધ કરવાનો મનસુબો જાહેર કર્યો

અમેરિકાએ છેલ્લા દોઢ દાયકામાં પાકિસ્તાનને ૩૩ અબજ ડોલરની સહાય કરી છે અને પાકિસ્તાને અમેરિકાને આપેલા વચનો પાળવામાં માત્ર છેતરપીંડી કરી છે.પાકિસ્તાને અમેરિકાને મુર્ખ બનાવ્યા છે.તે હવે બધું ચલાવી લેવાય તેમ નથ. અમેરિકા દ્વારા અફધાનિસ્તાનમાંથી આંતકવાદીઓને ખદેડવામાં આવી રહ્યા છે ત્યારે પાકિસ્તાન તેમને શરણું આપીને આતંકીઓ માટે સ્વર્ગ બનાવી રહ્યો છે.ગત મહિને ટ્રમ્પ દ્વારા નેશનલ સિકયોરીટી સ્ટેટેજીની જાહેરાત કરવામા ંઆવી હતી. તેના અનુસંધાનમાં ટ્રમ્પે પાકિસ્તાની સખ્ત ઝાટકણી કાઢી હતી.તેમણે ટ્વિટ કરતાં કહ્યુ હતું કે હવે બસ, અમે અત્યાર સુધીમાં પાકિસ્તાનને મોટા પાયે મદદ કરી છે.તેમણે પણ સામે મદદ કરવી જોઈએ પણ તેવું કશું થયું જ નથી.તેમણે આકરી ભાષામાં કહ્યુ હતું કે ઈસ્લામાબાદ આતંકવાદને રોકવા માટે પગલાં લે નહી તો દંડાત્મક પગલાં માટે સજ્જ રહેવું પડશે.તેમણે વધુમાં કહ્યુ હતું કે પાકિસ્તાન દ્વારા આતંકવાદ અને હિંસાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે.અમારી મદદનું ખાસ કોઈ પરિણામ મળતું નથી.તેને કારણેજ પાકિસ્તાનને અપાતી સહાય અંગે અમે વિચારીશું.ઉલ્લેખનીય છે કે અમેરિકા દ્વારા પાકિસ્તાનને અપાનારી ૨૨૫ મિલિયન ડોલરની સહાય રોકવામાં આવી હોવાના અહેવાલો છે.પાકિસ્તાન દ્વારા તેના ત્યાં પાગંરેલા



આતંકવાદને નાથવા અને આતંકવાદી સંગઠનોને કાબુ રાખવા અને તેનો નાશ કરવામાં નિષ્ફળ ગયો છે.તેથી આ સહાય રોકવામાં આવી છે.આતંકવાદના મુદ્દે પાકિસ્તાનને નોટીસ આપવામાં આવી છે.તેઓ શાનમાં સમજી જાય તે સારુ છે.

# એચ-૧બી વિઝા : પાંચ લાખથી વધુ ભારતીયોને ટ્રમ્પ વહીવટી તંત્રના આકરા નિયમોની અસર થશે

ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા આકરા નિયમોમાં એચ-૧બી વિઝા હેઠળ પાંચ લાખથી વધુ ભારતીયો તેની લપેટમાં આવી જશે.બાય અમેરિકન, હાયર અમેરિકન સુત્રની નીતિ હેઠળ ટ્રમ્પ વહીવટી તંત્રે એચ ૧બી વિઝા માટેના આકરા નિયમોની દરખાસ્ત મુકી છે.જેના કારણે મોટાપાયે ભારતીયોને અમેરિકા છોડવું પડશે.આ દરખાસ્ત અમલી બની જશે તો તેની અસર ભારતીયો પર પડશે.ડીપાર્ટ.ઓફ હોમલેન્ડ સીક્યોરીટીની સાથે મેમો ના સ્વરુપમાં શેર કરવામાં આવેલી આ દરખાસ્ત તે વિદેશી કામદારોને પોતાના એચ ૧બી વિઝા રાખવાથી અટકાવે છે કે જેના ગ્રીન કાર્ડની અરજી પેન્ડીંગ છે.અમેરીકી સરકારના આ પગલાંથી ત્યા હજારો ભારતીયોના એચ૧બી વિઝા એકસ્ટેન્ડ નહીં કરાય.આ નવા કાયદાથી આઈટી સેકટરમાં કામ કરતા ભારતીયોને તેની અસર થશે.જો નવો નિયમ લાગુ પડશે તો પાંચ લાખ ભારતીયોને અમેરિકા છોડીને ભારત પરત આવવું પડશે.સોફ્ટવેર ઈન્ડસ્ટ્રીઝની સંસ્થા નાસ્કોમ અમેરિકી સાંસદો અને વહીવટી તંત્ર સામે વિઝા સબંધિત પ્રશ્નો ઉઠાવી ચુક્યું છે.અને આગામી થોડાક દિવસોમાં પ્રસ્તાવિત કાયદા પર વાતચીત થશે.અમેરિકી વહીવટીતંત્રે તેના પ્રસ્તાવિત પ્રોટેકટ એન્ડ ગ્રો અમેરિકન્સ જોબ્સ બિલને પગલે આ પગલું ભર્યું છે.આ બિલમાં એચ ૧બી વિઝાનો દુરપયોગ અટકાવવા માટે નવા પ્રતિબંધની જોગવાઈ છે.આ નવી દરખાસતને કારણે ચીનને પણ અસર થશે.એચ ૧બી વિઝા ધરાવનારા સૌથી વધુ ભારતીયોની સંખ્યા છે.

# કેરોલ સીંગીગ બદલ ૩૦ પાદરીઓને અટકમાં લેવાયા

મધ્યપ્રદેશના સતનામાં ખ્રિસ્તીઓ પર થયેલા હુમલાના મુદ્દ્ ચિંતા જાહેર કરાતં ટોચના કેથોલિક સમુદાયે કહ્યુ છે કે ધાર્મિક રીતે દેશનું ધ્રુવીકરણ થઈ રહ્યુ છે.તેમણે કહ્યુ કે સમુદાય સરકારમાંથી પોતાનો વિશ્વાસ ગુમાવી રહ્યો છે. ગત સપ્તાહમાં સતના નજીક એક ગામમાં કેરોન સીગીગ કરવા બદલ ૩૦ પાદરીઓ અને સેમેરિન્સની ધરપકડ કરવામાં આવી હતી. બજરંગદળે આક્ષેપ કર્યો હતો કે તેઓ ગામલોકોનું જબરજસ્તીથી ધર્માંતરણ કરાવી રહ્યા હતા.

કેથલીક કોન્ફરન્સ ઓફ ઈન્ડીયાના અધ્યક્ષ કાર્ડિનલ બાસેલિયમ ક્લેમિસે એક અખબારી મુલાકાતમાં કહ્યુ હતું કે સતનામાં પાદરીઓ પર હુમલો થયા બાદ રાજ્ય સરકાર અપરાધીઓને શોધવાને બદલે ગરીબ અને નિર્દોષ લોકોની ધરપકડ કરી રહી છે.તેને કારણે સમુદાય સરકારમાં વિશ્વાસ ગુમાવતો જાય છે.તેમણે કહ્યુ કે બીજા દેશોમાં પણ આવી ઘટના બનતી જ હોય ચે. પરંતુ તે પછી સરકારની તાકાત અને વલણની સમીક્ષા કઈ રીતે કરશો ?તેમણે કહ્યુ કે દેશમાં ધર્મના આધારે ભાગલા પાડવામાં આવી રહ્યા છે.અને લોકશાહી દેશ આ માટે ઠીક નથી.દેશ ધર્મનિરપેક્ષતાના તાંતણે બંધાય,પરંતુ ધર્મના આધારે દેશનું ધ્રુવીકરણ થઈ રહ્યું છે.કેન્દ્રીય ગૃહમંત્રીને આ બાબતે જાણકારી અપાઈ છે.હાલમાં દેશમાં બંધારણનો લોપ થઈ રહ્યો છે અને તેમાં કટ્ટરવાદી સંસ્થાઓને રાજકીય આશ્રય મળી રહ્યો છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

**એકસ.સીની.કન્સલ્ટન્ટ,**
**રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ**
**એકસ.સીની.કન્સલ્ટન્ટ**
**મોરારજી દેસાઇ આરોગ્યધામ,**
**હેલ્થ-વેલ્થ પ્લાનર**
**ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર**
**મો.૯૩૭૬૧ ૦૦૮૯૮**
E.mail : drhamparikh@yahoo.co.in



**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


# ભારતમાં વિદેશી રોકાણકારોને નીતિ વિષયક નિર્ણયો અને ભ્રષ્ટાચાર પડકાર લાગે છે : રિસ્ક મેનેજમેન્ટ કંપની ક્રોલનું તારણ

ભારતમાં વિદેશી રોકાણકારો હજુ પણ રોકાણ કરવામાં બીક અનુભવે છે. સરકાર મેક ઈન ઈન્ડીયા જેવા કાર્યક્રમો ભલે વિદેશી રોકાણકારોને આર્કષવાની કોશીશ કરે પણ ભારતમાં વ્યાપક ભ્રષ્ટાચાર હજી પણ વિદેશી રોકાણ આર્કષવામાં અવરોધક પુરવાર થઈ રહ્યો છે.રિસ્ક મેનેજમેન્ટ ક્ષેત્રની અમેરિકન કંપની ક્રોલે કહ્યુ હતું કે વિદેશના રોકાણકારો માટે ભારતમાં રોકાણનો નિર્ણય કરતી વખતે ભ્રષ્ટાચાર એક મોટો પડકાર છે.ભ્રષ્ટાચાર ઉપરાંત કંપનીઓ સંચાલનની ગુણવત્તા,સંપત્તિની સુરક્ષા જેવા જોખમી પરિબળોની સ્થિતિ પણ જુએ છે.ક્રોલના નિષ્ણાંતે કહ્યુ કે ૨૦૧૪માં ભારતમાં સ્થિર સરકાર આવ્યા પછી રોકાણકારોને મહત્વના ફેરફારો કરાશે તેવી અપેક્ષા હતી પણ આ આશા પુરી થઈ નથી.

સરકારના ટેક્સને લગતા નિયમો અને કામગીરી,બેકારીને કારણે સામાજિક અશાંતિ, રાજ્યકક્ષાની રાજનીતિ અને ખામીયુક્ત બેન્કીંગ સિસ્ટમને લગતી સમસ્યાઓ વિદેશી રોકાણમાં અવરોધક છે.મોદી સરકાર સત્તા પર આવ્યા પછી ભારતને લગતાં જોખમો ઘટ્યાં છે કે કેમ ? તેવા પ્રશ્નના જવાબમાં ક્રોલના અધિકારી તરુણ ભાટીયાએ સકારાત્મક જવાબ આપ્યો હતો જો કે તેમણે કહ્યુ કે આ દિશામાં હજી ઘણા સુધારા અને અનેક કાર્યો કરી શકાય છે.વિદેશી રોકાણકારો વેપાર ઉદ્યોગોમાં નક્કર પરિવર્તનની આશા રાખી રહ્યા છે.હજી આ કામગીરી ધારણા મુજબ થઈ નથી. તેના પરિક્ષણો હજી બાકી છે તેમ ભાટિયાએ કહ્યુ હતું.

ભ્રષ્ટાચાર અને અન્ય કારણોસર આશરે ૨૦ ટકા રોકાણ કરનાર કંપનીઓ ભારતમાં રોકાણ કરવાની યોજનામાંથી પાછી ફરી ગઈ છે. ટ્રાન્સપરેન્સી ઈન્ટરનેશનલ સર્વેમાં જણાવ્યા મુજબ ભારતમાં લાંચ રુશ્વતનું પ્રમાણ ઘણું ઊચું છે.ભારતમાં ૬૯ ટકાથી વધુ લોકોએ સરકારી કર્મચારીઓ પાસેથી કામ કરાવવા માટે તેમને ચા-પાણીના પૈસા આપવા પડે છે.અથવા તેમના ખિસ્સા ભરવા પડે છે.વિયેતનામમાં આ પ્રમાણ ૬૫ટકા અને ચીનમાં ૨૬ ટકા તેમજ પાકિસ્તાનમાં તે ૪૦ ટકા છે.

# ઇરાનમાં આર્થિક સંકડામણને કારણે લોકોના સરકાર વિરુધ્ધ દેખાવો

ઈરાનમાં ઊભી થયેલી આર્થિક કટોકટીને કારણે લોકોનો જનસંઘર્ષ છેલ્લા ત્રણ દિવસથી સરકાર વિરુધ્ધ ચાલી રહ્યો છે.સરકારે બળ પુર્વક જન આક્રોશને કચડી નાંખવા માટે દેખાવકારો વિરુધ્ધ કાર્યવાહી કરી છે. પરિણામે બે લોકોના મૃત્યુ નિપજ્યા છે.સત્તાવાળાઓએ ચેતવણી આપી છે કે દેખાવકારોએ કિમત ચુકવવી પડશે.લોકો ઈસ્લામી પ્રજાસત્તાક શાસન સામે ખુલીને સામે આવ્યા છે.સોશ્યલ મીડીયા પર જોવા મળતા વીડીયો કહે છે કે રાતના સમયે પણ હજારો લોકો દેશભરમાં દેખાવો કરી રહ્યા છે.ઈરાનના મોટા શહેરોમાં વિરોધી દેખાવો યોજાઈ રહ્યા છે. ૨૦૦૯માં પણ સરકારે આયોજીત વિરોધી દેખાવોને કચડી નાંખ્યા હતા.આંતરિક સુરક્ષા પ્રધાન અબ્દુલ રહેમાન રહમાનીએ ટીવી પર ચેતવણી આપતાં કહ્યુ હતું કે જાહેર અસ્કયામતોને નુકશાન કરનારને કે કાયદો વ્યવસ્થા તોડનાર જવાબદાર ઠેરવી તેમને તે માટે કિંમત ચુકવવીપડશે.

જ્યારે અમેરિકી પ્રુમુખ ટ્રમ્પે કહ્યુ હતું કે ઈરાનના સત્તાવાળા આ દેખાવોને શાસન વિરુધ્ધના નહીં પણ આર્થિક સંકડામણોને કારણે થઈ રહેલા વિરોધનું રુપ આપવા પ્રયત્નશીલ છે.લોકો પોતાના આર્થિક જીવનવ્યવહાર માટે શાંતિપુર્ણ દેખાવો કરે ,બળવો એ બે બાબતો ભિન્ન છે.

લુઈ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઈ હતી.તે સમયે એક શહીદ ની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઈઠ લાખ ડોલર ઉપજ્યા હતા.ભારતની પ્રથમ બોલતી ફિલ્મ આલમઆરા હતી

ભીના પ્લાસ્ટર પર તૈયાર કરવામાં આવેલા ચિત્રોને ફ્રેસ્કો કહે છે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# ભારતમાં આવતાં મહિલા પ્રવાસીઓને સતર્ક રહેવા તેમજ ભારતમાં રેપની ઘટનાના મુદ્દે અમેરિકાએ તેમના નાગરિકોને એડવાઇઝરી જારી કરી

દેશમાં દુષ્કર્મની વધી રહેલી ઘટનાઓને કારણે વિદેશોમાં ભારતની છબી ખરડાઇ છે.અમેરિકાએ પણ તે મુદ્દે ચિંતા જાહેર કરી છે.ટ્રમ્પ શાસનને તે સાથે જ નવી ટ્રાવેલ એડવાઈઝરીમાં ભારત આવતાં મહિલા પ્રવાસીઓને સતર્ક રહેવા કહેવામાં આવ્યું છે.અમેરિકાએ ૧૦ જાન્યુઆરીથી આ નવી ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે.તેમાં ભારત સાથે પાકિસ્તાનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.એકથી ચાર લેવલની એડવાઈઝરીમાં ભારતને બીજા લેવલમાં પાકિસ્તાનને ત્રીજા લેવલમાં મુકવામાં આવ્યા છે.ટ્રાવેલ એડવાઈઝરીમાં ભારતને બીજા લેયરમાં મુકતાં અમેરિકાએ પોતાના નાગરિકોને કહ્યું છે કે ભારતનો પ્રવાસ કરતી વખતે સંભાળો. જમ્મુ-કાશ્મીર અને લેહયાત્રાથી દુર રહેવા કહેવાયુ છે.પ્રવાસીઓને ભારત-પાક સરહદે ૧૦ કી.મી.વિસ્તારમાં ના જવા સલાહ આપી છે. ભારતમાં વધી રહેલા અપરાધ અને આતંકની મધ્યેનજર અમેરિકી વિદેશ મંત્રાલયે એડવાઈઝરી જારી કરી છે.એડવાઈઝરીમાં વધુમાં કહ્યુ છે કે ભારતના અધિકારી જણાવે છે કે ભારતમાં દુષ્કર્મના અપરાધ ઝડપથી વધી રહ્યા છે.પર્યટક સ્થળે આ અપરાધનું પ્રમાણ વધુ હોય છે.

# બેન્ક કર્મચારી સાથે લગ્ન નહીં કરવાનો દારુલ ઉલુમનો આદેશ

ઈસ્લામિક સંસ્થા દારુલ ઉલમે નવો વિચિત્ર ફતવો બહાર પાડ્યો અને તેના કારણે વિવાદ સર્જાયો છે.તેણે મુસ્લીમ બિરાદરોને અપીલ કરી છે કે બેન્કીંગ ક્ષેત્રે નોકરી કરતાં લોકો સાથે નિકાહ કરશો નહીં. કારણે તેમની કમાણી હરામ છે.નિકાહની દરખાસ્ત વખતે પવિત્ર પરિવાર સાથે જ સબંધ રાખશો. એક વ્યક્તિએ દારુલ ઉલમને સવાલ કર્યો હતો કે તેને ભારતમાં કેટલાક લોકો તરફથી નિકાહની ઓફર આવી છે. જેમના પિતા બેન્કમાં નોકરી કરે છે. તો આવા પરિવારમાં નિકાહ કરવા કે કેમ. તેના જવાબમાં દારુલ ઉલુમે ઉપરોક્ત ફતવો બહાર પાડ્યો છે.

દારુલે તેના જવાબમાં કહ્યુ કે સ્વાભાવિક રીતે જ આવું( બેકમાં નોકરી કરતાં હોય તેનુ) કુટુંબ હરામના નાંણા કમાય છે. શુ આવા કુટુંબમાં નિકાહ ટાળવા જોઈએ અને તે ઈચ્છનીય નથી. જે લોકો હરામની કમાણીથી ઉછર્યા હોય તે નૈતિક રીતે સારા ન હોય. આવું ટાળવું જોઈએ.

ઉલ્લેકનીય છે કે ઈસ્લામીક શરિયા કાયદા અંતગર્ત નાણાં વ્યાજે આપવા પર પ્રતિબંધ છે.બિઝનેશમાં રોકાણ પર પણ પ્રતિબંધ છે.બેન્કમાં વ્યાજથી જ વ્યવહાર ચાલતો હોય છે.એવું મનાય છે કે આ સિધ્ધાંત કુરાનમાંથી લેવાયો છે અને ત્યારથી તેનું પાલન થઈ રહ્યું છે.ઈસ્લામમાં નાણાંનું કોઈ મુલ્ય નથી. આથી નફો મેળવીને નાણાંની આપલે તેમાં વર્જ્ય ગણાય છે.શરિયા મુજબ ન નાંણાનો વ્યવહાર કરવાની વાત છે.ઈસ્લામિક બેન્ક વ્યાજમુક્ત બેન્કીંગના સિધ્ધાંત મુજબ કામ કરે છે.ઈસ્લામિક કાયદા હેઠળ રિબા એટલેકે વ્યાજનો મતલબ અતિરેક છે. મતલબ કે રોકાણકારે બીજાના સખત પરિશ્રમમાંથી બિનજરુરી વધારાનો કોઈ નફો ન લેવો જોઈએ.

ભારતમાં ઈસ્લામિક બેન્કીનો વિચાર ભુતપુર્વ વડાપ્રધાન મનમોહનસિંહના માનદ સલાહકાર રહેલા રઘુરામ રાજને ૨૦૦૮માં રજુ કર્યો હતો જો કે ત્યારબાદ તેનો અમલ થયો ન હતો.વર્તમાન સરકારે સ્પષ્ટ કર્યો છે કે ઈસ્લામિક બેન્કીંગનો અમલ કરવાની તેની કોઈ યોજના નથી.

ડીઝાઈનર અને સ્લિમ ફિટ બુરખા પહેરવાથી લોકોની નજર ખેચાય છે અને તે ઈસ્લામની વિરુધ્ધ છે તેમ કહીને અગ્રમી ઈસ્લામિક સંસ્થા દારુલ ઉલુમ દેવબંધે તેની સામે ફતવો જારી કર્યો છે. ફતવામાં કહેવાયું છે કે વિવિધ સ્ટાઈલ્સ,કલર્સ અને ડિઝાઈન્સમાં બુરખાને મંજુરી નથી.એક વ્યક્તિએ ડીઝાઈનર બુરખા પહેરવા જોઈએ કે કેમ તેવા એક વ્યક્તિના સવાલના જવાબમાં આ ફતવો જારી કરવામાં આવ્યો હતો.દારુલ ઉલુમ એશિયામાં સૌતી મોટી અને અગ્રણી સેમિનરીઓમાં સ્થાન ધરાવે છે.અને તે સહારનપુરના દેવબંધ શહેરમાં આવેલું છે.

# શું આપણે બનાના રિપબ્લીકમાં જીવીએ છીએ ? શત્રુઘ્નસિંહા ભાજપ સાંસદ

ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને અભિનેતા શત્રુધ્ન સિંહાએ ટ્રિબ્યુન અખબારના આધાર ડેટા અંગેના ખુલાસા વિશે કહ્યુ હતું કે શું દેશના લોકો કોઈ બનાના રિપબ્લીકમાં જીવી રહ્યા છે.બનાના રિપબ્લીક શબ્દનો ઉપયોગ વાસ્તવમાં એવા દેશ માટે કરવામાં આવે છે જે રાજકીય રીતે અસ્થિર હોય છે.ટ્રિબ્યુનના પત્રકારે આધાર પર ખુલાસો કર્યો હતો કે માત્ર રુ.૫૦૦માં આધારની જાણકારી લીક થઈ રહી છે.સિંહાએ ટ્વિટ કરતાં લખ્યુ હતું કે આ કેવો ન્યાય છે ? શું માત્ર વેરની રાજનીતી કરવામાં આવી રહી છે.એટલે સુધી કે સમાજ અને દેશ માટે ઈમાનદારીથી રહેતી પ્રજાને પણ હેરાન કરવામાં આવી રહી છે.સિંહા અગાઉ પણ વિવિધ મુદ્દે કેન્દ્ર સરકાર અને ભાજપ નેતૃત્વ અંગે ટિકા કરતા રહ્યા છે.તેમણે આ ઘટનાના મામલે પત્રકાર વિરુધ્ધ એફઆઈઆર નોંધવા અંગે આકરી પ્રતિક્રિયા આપવા માટે એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડીયાને અભિનંદન આપ્યા હતા.તેમણે આશા વ્યક્ત કરી હતી કે સરકારના સાચા અધિકારી અને ખાસ કરીને સુપ્રીમ કોર્ટ ટુંક સમયમાં આનો ઉકેલ લાવસે.

જો કે વારંવાર ભાજપની ટીકા કરવા બદલ મહારાષ્ટ્ર સરકારે તેમના ઘરનો કેટલોક ભાગ ગેરકાયદે ઠરાવીને તોડી નાંખ્યો છે.મુંબઈમાં ગેરકાયદે બાંધકામનો રાફડો છે.

# વેલકમ-૨૦૧૮

નવું વર્ષ શરુ થઈ ગયું છે.તારીખમાં ૨૦૧૭ના બદલે હવે ૨૦૧૮ લખીશું. ઘરમાં ઓફિસમાં જુના કેલેન્ડરને ઉતારીને ૨૦૧૮નું કેલેન્ડર લટકાવીશું. નવી ડાયરીનું આદાન-પ્રદાન કરીશું. નવા સંકલ્પો લઈશું.અને આમ નવા વર્ષને વેલકમ કરીશું. અને પછી ..... તે જુનુ થઈ જશે. આગળના વર્ષોની જેમ.

નવું વર્ષ દર આવે છે અને વીતી જાય છે. ખરેખરા અર્થમાં વીતી જ જાય છે. વર્ષના છેલ્લા અઠવાડીયામાં આપણે કહેતા હોઈએ છીએ કે અરે ! વર્ષ ક્યાં પુરુ થઈ ગયું, ખબર જ ના પડી !અને ખરેખર વર્ષ વીતી જાય છે. અને આપણે જેવા હતા તેવા ને તેવા જ રહી ગયા હોયએ છીએ. હા, બાહ્ય રીતે બદલાયા હોઈએ છીએ. શરીર ઉપર ઉંમરની અસર દેખાતી હોય છે.પણ અંદરથી તો એજ વર્ષો જુના વિચારોને,માન્યતાઓને વળગી રહ્યા હોઈએ છીએ. એજ જુના વર્ષના ઝનુન સાથે ફરીથી આપણે આપણા વિરોધીઓ સામે લડવા નીકળી પડીએ છીએ.નવા જોશ સાથે તથા નવા ઉલ્લાસ સાથે વર્ષ તો શરુ કરી દઈએ છીએ. આગળના વર્ષોની જેમ ફરીથી સંકલ્પો તો લઈએ છીએ કે જે પુરા નથી થવાના તેવી ૧૦૦ ટકા ખાત્રી હોવા છતાં લઈએ છીએ અને તેનો સહેજપણ અફસોસ આપણને હોતો નથી.અને આમ જ આ વર્ષ અને બીજા વર્ષો પણ પુરા થઈ જશે અને એક દિવસ આમ જ જીંદગી પણ પુરી થઈ જશે અને આપણને ખબર પણ નહીં પડે.જેવા આવ્યા હતા તેવાને તેવા કોરા ધાકર ઈશ્વર પાસે પાછા જઈશું.

ખરેખર આપણે બદલાવું નથી ? એ જ જુના વળગણોને વળગી રહેવું છે ? એ જ રોકાયેલું પાણી બનીને ગંન્ધાય ઉઠવું છે ? પ્રશ્ન વિચારવા લાયક તો ખરા. અને જો જવાબ ના હોય તો આજથી જ બદલાવાની પ્રક્રિયા ચાલુ કરી દઈએ તો ! આપણી બધી પ્રવૃત્તિઓ સુખી મેળવવા માટેની રહેતી હોય ચે પણ સુખ વિશે જો વિચારીએ તો સુખી થવુમં કાંઈ અધરુ નથી કે બહુ બધા પૈસાની કોઈ જરુર નથી પડતી ફક્ત શરત એક છે અને તે સહેલી પણ છે કે આપણે ફક્ત દુઃખી થવાનું બંધ કરવાનું છે કારણકે આપણને દુઃખી થવાની આદત પડી ગઈ છે. ફરિયાદ કરતાં રહેવું,અસંતોષી સ્વભાવ રાખવો, નકારાત્મક વિચારસરણી, આ બધાજ દુઃખી થવાના રસ્તા છે. માટે બની શકે એટલું હકારાત્મક વિચારીએ, વધારે ને વધારે ખુશ રહેવાની આનંદિત રહેવાની ટેવ પાડીએ તથા તેનાથી પણ વધારે ખુશી, આનંદનો અનભવ બીજાને કરાવીએ.દરેક નવું વર્ષ નવી તાજગી લઈને આવે છે તો તેનો અનુભવ થાય તે માટે આપણા મન- મસ્તિકને ખુલ્લા રાખીએ. જેમ નવા અંકુરને ફુટવા માટે જુનાએ સમાપ્ત થવું પડે છે તેમ નવી બાબતોના સ્વીકાર માટે જુનાને તિંલાંજલી આપીએ. તકલીફોને ઈશ્વરની ભેટ સમજી તેને ગળે લગાડીને સરળતા,સાદાઈ તથા પ્રામાણિકતા દ્વારા ઈશ્વરનો આર્શીવાદ પ્રાપ્ત કરીએ અને તેની જ શક્તિ ઉપર શ્રધ્ધા રાખીએ તેના અત્યંજ બની રહીએ અને સાચા અર્થમાં અંદરથી બદલાઈને નવા વર્ષમાં પ્રવેશ કરીએ.

ઈસુનું આ નવું વર્ષ સમસ્ત સૃષ્ટિને માટે ફળદાયી નીવડે તેવી શુભેચ્છા. હેપ્પી ન્યુ યર.

-અન્નપુર્ણા મેકવાન, ગાંધીનગર

## જાણવા જેવું

ભારતની પ્રથમ બોલતી ફિલ્મ આલમઆરા હતી

ભીના પ્લાસ્ટર પર તૈયાર કરવામાં આવેલા ચિત્રોને ફ્રેસ્કો કહે છે.

બોઈંગ ૭૪૭માં ૬ લાખ જુદા જુદા ભાગોમાં વહેચાયેલુ છે.

સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.

લુઈ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઈ હતી.તે સમયે એક શહીદની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઈઠ લાખ ડોલર ઉપજ્યા હતા.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.